ગાંધીનગર સમાચાર

શહેરમાં પુનઃ ઠંડીનું આગમન

# જિલ્લામાં ૨૦૧૫માં ૨૨૭ સ્વાઈન ફ્લુના કેસ નોંધાયા

**આ કેસો પૈકી ૩૫ દર્દીઓ અન્ય ગંભીર બિમારીમાં પિડાતા હતા પરંતુ સમયસરની સારવારને લઈ ૧૬ દર્દીઓને બચાવી લેવાયા હતા : સ્વાઈન ફ્લુમાં સમયસર સારવાર રામબાણ ઈલાજ**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુના ૨૦૧૫માં નોંધાયેલા ૨૨૭ કેસ પૈકી ૩૫ દર્દીઓને અસ્થમા, હૃદય, કિડની, કેન્સર અને ડાયાબીટીસની બિમારી પણ હોવાનું જણાયું હતું પરંતુ આ પૈકી ૧૬ દર્દીઓને બચાવી લેવામાં તંત્ર સફળ રહ્યું હતું. જિલ્લામાં સમયસર સારવાર ન મળતાં ૧૭ દર્દીઓના મોત નીપજ્યા હતા.

ઉપરોક્ત તારણો જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ. જયેશ સોલંકીએ ઈન્ડિયન એસો. ઓફ. પ્રિવેન્ટીવ એન્ડ સોશ્યલ મેડીસીનની કોન્ફરન્સમાં રજુ કરેલા રિસર્ચ પેપરમાં રજુ કર્યા હતા. જેમનું આ રિસર્ચ પેપર વિનર જાહેર કરાયું હતું અને સમાપન સમારોહમાં આરોગ્ય કમિશ્નરશ્રીના હસ્તે તેમને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.




ડૉ. સોલંકીએ રજુ કરેલા આ અભ્યાસ સંશોધનમાં જણાવ્યું હતું કે સ્વાઈન ફ્લુમાં સમયસરની સારવાર એ સૌથી વધુ જમા પાસુ છે. સરકારી હોસ્પિટલોમાં મૃત્યુદર વધુ નોંધાયો છે પણ ત્યાં સારવાર માટે દર્દી કાં તો ક્યાંકથી રિફર થઈ આવે છે અથવા તો સારવાર માટેની ઉદાસીન માનસિકતા જવાબદાર છે.

● અનુસંધાન પાન-૭ પર


## પ્રાર્થના સભા



અમારાં પૂજ્ય બા

શ્રીમતી નાથુબા લક્ષ્મણસિંહજી વાઘેલાનો

સ્વર્ગવાસ તા. ૭-૧-૨૦૧૬ના રોજ થયેલ છે.

સદ્ગતની પ્રાર્થના સભા

આવતી કાલે તા. ૧૧-૧-૨૦૧૬ને સોમવારે

સવારે ૯ થી ૧૧-૩૦ કલાકે

નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : વૈજનાથ મહાદેવ, વાસણ, તા. જી. ગાંધીનગર.

રજુભા સરદારસિંહ વાઘેલા

બલુભા લક્ષ્મણસિંહ વાઘેલા

કનુભા લક્ષ્મણસિંહ વાઘેલા

લિ.

શંકરસિંહજી વાઘેલા બાપુ

નેતા : વિરોધપક્ષ, ગુજરાત વિધાનસભા




શેરડી - ઉત્તરાયણના આગમનને પગલે બોર અને શેરડી શહેરના બજારમાં ઠલવવા લાગ્યા છે... ઉત્તરાયણમાં પતંગ-દોરીના મહત્વ જેટલું જ બોર-શેરડી, ઉંધીયુ-જલેબી અને ચીકીનો મહિમા સંકળાયેલો છે... શેરડી અને બોર શહેરના શાકમાર્કેટ ઉપરાંત શૉપીંગ સેન્ટરોની આસપાસની ખુલ્લી જગ્યાઓમાં પણ ઠેરઠેર જોવા મળે છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# ગાંધીનગર તાલુકા ભાજપના પ્રમુખ તરીકે આઈ.બી. વાઘેલા

**કલોલ શહેર પ્રમુખ તરીકે રાજેન્દ્ર પટેલની નિયુક્તી હવે માણસા શહેર પ્રમુખની નિમણુંક અંગે કાર્યવાહી હાથ ધરાઈ**

ગાંધીનગર, તા. ૯

ભારતીય જનતા પક્ષ દ્વારા ચાલી રહેલ સંગઠન સંરચનામાં આજે બીજા તબક્કામાં ગાંધીનગર-કલોલ તાલુકા અને કલોલ શહેરના પ્રમુખોની નિયુક્તી કરવામાં આવી છે.

વાવોલ નજીક એક ખાનગી હોલમાં મળેલ બેઠકમાં સંરચના અધિકારીશ્રી ભગવાનદાસ પંચાલ તથા જિલ્લા પ્રભારી શ્રી રમણસિંહની ઉપસ્થિતિમાં નવા હોદ્દેદારોની નિયુક્તી સર્વાનુમતે કરવામાં આવી હતી. જિલ્લામાં હવે માણસા શહેર ભાજપની નિયુક્તી બાકી રહેવા પામી છે.



ગાંધીનગર તાલુકા ભાજપના પ્રમુખ તરીકે શ્રી આઈ.બી.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં આજથી માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી

ગાંધીનગર તા ૯

ગાંધીનગરમાં આજથી માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. શહેરમાં ટ્રાફિક નિયમનના નામે મીંડુ હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. ત્યારે દિનપ્રતિદિન પૈડા પરની જિન્દગી જોખમી બનતી જાય છે. શહેરીજનો ટ્રાફિકના નિયમન અંગે જાગૃત બને તે માટે તા ૧૦ થી ૧૭ જાન્યુઆરી દરમિયાન માર્ગ સલામતી ઉજવણી અન્વયે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી અંતર્ગત આજે સવારે ૧૦:૩૦ કલાકે આર ટી ઓ કચેરીથી બાઈક અને કાર રેલી યોજાશે.

શહેરમાં ચકાચક રોડ નેટવર્ક હોવાની સાથે માર્ગ સલામતીના મામલે ભયજનક ચિત્ર ઉપસી આવ્યુ છે. શહેરમાં રોજબરોજ નાના મોટા અકસ્માતોના લીધે વાહનચાલકોને ઈજાઓ થવા પામે છે. જયારે અકસ્માતના લીધે મૃત્યુ આંક પણ ચિંતાજનક હોવાનુ ધ્યાને આવ્યુ છે. આવા સંજોગોમાં માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળોને ધ્યાનમાં રાખી આ મામલે લોકજાગૃતિ કેળવાય તે અનિવાર્ય બન્યુ છે.

**આર.ટી.ઓ. કચેરીથી બાઈક-કાર રેલી યોજાશે માર્ગ સલામતી સપ્તાહ અન્વયે દૃષ્ટી ચકાસણી શાળાઓમાં રોડ સેફટી અંગે કાર્યક્રમ યોજાશે**

શહેરમાં દર વર્ષે જાન્યુઆરી મહીનામાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે તા ૧૦ થી ૧૭ જાન્યુઆરી દરમિયાન પણ વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. શહેર વસાહત મહામંડળ તેમજ આર ટી ઓ કચેરી અને જિલ્લા ટ્રાફિક તંત્રના સહયોગથી ઉજવણી અંતર્ગત તા ૧૦ જાન્યુઆરીના રોજ સવારે ૧૦:૩૦ કલાકે આર ટી ઓ કચેરી ખાતે થી બાઈક તેમજ કાર રેલી યોજવામાં આવશે.

# શહેરમાં બે દાયકાથી ફલાવર-શો યોજાયો નથી

ગાંધીનગર તા ૯

ગાંધીનગરને ફુલોની નગરી બનાવવાનુ સ્વપ્ર રોળાયા બાદ હાલ નગરને સ્માર્ટ સિટીનો દરજ્જો આપવા મથામણ ચાલી રહી છે. ત્યારે એક જમાનામાં રંગબેરંગી ફુલોથી મહેકતા શહેરમાં છેલ્લા બે દાયકાથી ફલાવર શો નુ આયોજન પણ થઈ શકયુ નથી. વિકાસના નવા આયોમો સાથે હાઈટેક બનતા શહેરમાં ઉદ્યાનોની રોનક પણ ઓસરી ગઈ છે. સેકટરોમાં યોજાતી બગીચા સ્પર્ધાનુ આયોજન પણ વિસરાતા શહેરીજનોમાં નિરસતા પ્રવર્તી છે.

**બગીચા હરિફાઇ પણ પડતી મુકાઈ : તંત્ર ફલોપ : ગુલાબ ઉદ્યાનનુ અસ્તિત્વ ભુસાયા બાદ ફલાવર-શોનું આયોજન પણ વિસરાયુ : સેકટરોના બગીચાને અનુલક્ષી યોજાતી કીચન ગાર્ડન સ્પર્ધા પણ થતી નથી**

ગ્રીનસીટીની આગવી ઓળખ ધરાવતા ગાંધીનગરને અગાઉ ફુલોની નગરી બનાવવાનુ સ્વપ્ર સેવાયુ હતુ. ત્યારે નગરના વિવિધ માર્ગોના સેન્ટ્રલ વર્જને પણ કલર કોડ મુજબ ફુલોથી સજાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પરંતુ સમય જતા આ વાતો પણ હવા થઈ ગઈ હોવાનો અહેસાસ નગરજનો કરી રહયા છે. ત્યારે એક જમાનામાં નગરની આગવી ઓળખ ગણાંતા ગુલાબ ઉદ્યાનનુ પણ અસ્તિત્વ ભુસાઇ ગયુ છે. જેમાં અંદાજિત ૩૪૦ પ્રકારના ગુલાબો નિખરતા હતા. બીજીતરફ સેકટરોના બગીચાઓ પણ જાળવણીના અભાવે મરણ પથારીએ હોવાનુ સ્પષ્ટ થયુ છે. ત્યારે દાયકાઓ પુર્વે નગરમાં ફલાવર શો નુ પણ આયોજન કરવામાં આવતુ હતુ જે છેલ્લા બે દાયકાથી થતુ નથી. હાલ અમદાવાદમાં ફલાવર શો ના

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં પુનઃ ઠંડીનું આગમન

ગાંધીનગર, તા. ૯

જમ્મુ-કાશ્મીર અને ઉત્તર ભારતમાં થઈ રહેલી હીમવર્ષાની અસર ગુજરાત પર દેખાવી શરૂ થઈ છે. છેલ્લા પંદરેક દિવસથી જે ઠંડી ગાયબ થઈ ગઈ હતી તે પુનઃ અનુભવાઈ છે. આજે લઘુત્તમ તાપમાનમાં બે ડીગ્રીનો ઘટાડો થતાં રાત્રે અને વહેલી સવારે પુનઃ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

શિયાળાની ઋતુ હોવા છતાં છેલ્લા કેટલાય દિવસોથી ઠંડી જાણે ક્યાંક વિસરાઈ ગઈ હોય તેમ ઠંડીનો અનુભવ થતો જ નથી. મહત્તમ અને લઘુત્તમ તાપમાન ઉંચકાતા દિવસ દરમ્યાન તો જાણે ગરમીનો અનુભવ થતો હતો. ગરમ વસ્ત્રો પહેરવાની જાણે જરૂરીયાત જ નહોતી રહી. ઉત્તર ભારતમાં છેલ્લા બે દિવસથી પડી રહેલી હિમવર્ષાને પગલે પુનઃ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૩ ડિગ્રી નોંધાયું હતું જે આજે બે ડિગ્રી જેટલુ ઘટીને ૧૧ ડિ.સે. નોંધાતા વહેલી સવારે અને રાત્રે વાતાવરણમાં ઠંડકનો અનુભવ થાય છે. ઘરની બહાર નીકળો ત્યારે ગરમ વસ્ત્રો પહેરવાની જરૂરીયાત અનુભવાય છે.





LED, LCD & Colour TV રીપેરીંગ

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર

ફોન : ૨૩૨૮૭૧૧૫

મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,

મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

## સ્મરણાંજલિ

''સ્મરણો ભીંજવે હૈયું.. ને.. મહેકી ઉઠો આપ અમ અંતરમાં...''








સ્વ. શ્રીમતિ મીનાક્ષીબેન વ્યાસ
સ્વ. તા. ૧૨-૧-૧૯૮૦

- કુ. દેવાંશી નિશિત વ્યાસ
- હરિવંશ નિશિત વ્યાસ
- મીનાક્ષી એન્ટરપ્રાઈઝ

સ્વ. શ્રી જદુરાય વ્યાસ
સ્વ. તા. ૧૦-૧-૧૯૮૦

- નિશિત જદુરાય વ્યાસ
- ઈશાની નિશિત વ્યાસ
- મીનાક્ષી ટ્રેડર્સ, ગાંધીનગર

• મીનાક્ષી મેમોરિયલ ટ્રસ્ટ, "મીનાક્ષી", ૩૮૧, સેક્ટર-૧૬, ગાંધીનગર. ટે. ૨૩૨૨૧૯૯૯, ૨૩૨૩૩૩૯૯

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

KisaN

ashirvad

BENELAVE

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com